માર્ચ - 2018
પ્રશ્નપત્ર-2

કુલ ગુણ : 100

# વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

સમય : 3 કલાક

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ (A, B, C, D, E) વિભાગ છે અને 49 પ્રશ્નો છે. (2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે. (3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે. (4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો. (5) નવો વિભાગ નવા પાના ઉપર લખવો.

★ નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 1 અને 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેકનો 1 ગુણ છે.) [10]

## વિભાગ-A

1. ઉચ્ચ સપાટી સંચાલનમાં કોનો સમાવેશ થાય છે ?
(A) નિષ્ણાંતો (B) કામદારો
(C) જનરલ મેનેજર
(D) ખાતાવાર અધિકારીઓ

2. નવ પ્રશિષ્ટ વિચારધારાના પ્રણેતા કોણ હતા ?
(A) ફ્રેડરિક ટેલર (B) હેનરી ફેયોલ
(C) હર્ઝબર્ગ (D) એલ્ટન મેયો

3. આયોજનની પ્રક્રિયાનો અંતિમ તબક્કો કયો છે ?
(A) યોજનાનું મૂલ્યાંકન કરવું
(B) ચોક્કસ યોજના સ્વિકારવી
(C) યોજનાની ચકાસણી કરવી
(D) વિકલ્પોની વિચારણા કરવી

4. પ્રોજેક્ટ માળખું અને સામાન્ય માળખાના સંયોજનથી રચાતા વ્યવસ્થાતંત્રને શું કહે છે ?
(A) શ્રેણીક વ્યવસ્થાતંત્ર (B) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર
(C) રૈખિક વ્યવસ્થાતંત્ર (D) વૈધિક વ્યવસ્થાતંત્ર

5. અંકુશ એ કેવી પ્રક્રિયા છે ?
(A) આંતરિક (B) જડ
(C) ગતિશીલ (D) સતત

6. નાણાકીય સંચાલન કોની સાથે સંબંધ ધરાવે છે ?
(A) નાણા બજાર (B) નાણા કાર્ય
(C) શેર બજાર (D) મૂડી બજાર

7. સંપત્તિના મહત્તમીકરણનો અભિગમ કયા ખ્યાલ ઉપર આધારિત છે ?
(A) રોકડ પ્રવાહ
(B) સામાજિક જવાબદારી
(C) સંપત્તિના વર્તમાન મૂલ્ય
(D) નફાકારકતા

8. ડિપોઝીટરી ધારો કયા વર્ષે અમલમાં આવ્યો ?
(A) 1996 (B) 1995
(C) 1994 (D) 1993

9. અભિવૃદ્ધિનું સૌથી વધુ પ્રચલિત મહત્ત્વનું અને સ્વિકાર્ય સાધન કયું છે ?
(A) બજાર વિભાજન (B) વેચાણ
(C) જાહેરાત (D) કિંમત

10. આંતર રાષ્ટ્રીય કક્ષાએ દર વર્ષે કયા દિવસને ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે ?
(A) 15 મી જાન્યુઆરી (B) 15 મી માર્ચ
(C) 15 મી ઓગસ્ટ (D) 15 મી ડિસેમ્બર

## વિભાગ-B

★ નીચેના આપેલા પ્રશ્ન ક્રમાંક 11 થી 20 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો (દરેકનો 1 ગુણ છે.) [10]

11. I.I.M. નું વિસ્તૃત રૂપ લખો.
12. 'જુઓ અને આગળ વધો' નો સિદ્ધાંત ક્યારે અપનાવાય છે ?
13. વ્યવસ્થાતંત્ર એટલે શું ?
14. વર્તમાન સમયમાં મોટા ભાગના એકમો હવે કર્મચારી વ્યવસ્થાના વિભાગને કયા વિભાગ તરીકે ઓળખાવે છે ?
15. દોરવણીના તત્ત્વો જણાવો.
16. શૅર હોલ્ડરોને ડિવિડન્ડ કયા સ્વરૂપે ચૂકવી શકાય છે ?
17. ભારતમાં શૅર બજારોનું નિયમન કોના દ્વારા થાય છે ?
18. કરાર નોંધ એટલે શું ?
19. માર્કેટિંગ મિશ્રના 4 P કયા નામે ઓળખવામાં આવે છે ?
20. વૈશ્વિકીકરણનો અર્થ લખો.



Visit https://visionpapers.in For More Papers !!

## વિભાગ-C

★ નીચે આપેલ પ્રશ્નક્રમાંક 21 થી 35 સુધીના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેકના 2 ગુણ છે.) [30]

21. 'સંચાલન એક વિજ્ઞાન છે' – સમજાવો.
22. વૈજ્ઞાનિક સંચાલન એટલે શું ?
23. વિકેન્દ્રીકરણની મર્યાદાઓ જણાવો. **અથવા** રૈખિક વ્યવસ્થાતંત્રને શા માટે વિભાગીય વ્યવસ્થાતંત્ર તરીકે ઓળખવામાં આવે છે ?
24. પ્રતિક્ષાયાદી એટલે શું ?
25. ભરતીના કોઈપણ ચાર બાહ્ય પ્રાપ્તિ સ્થાનોના નામ લખો.
26. સારા નેતાના બૌદ્ધિક ગુણો જણાવો.
27. આત્મસિદ્ધિની જરૂરિયાત એટલે શું ? તેનું કોઈ એક ઉદાહરણ લખો.
28. 'આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે' – સમજાવો.
29. 'કાર્યશીલ મૂડી એટલે ધંધામાં ચકાકારે ફરતી મૂડી' – સમજાવો.
30. કોલમની અને નોટિસમની એટલે શું ? **અથવા** સેબી (SEBI) ના બે હેતુઓ જણાવો.
31. લેબલિંગના ચાર કાર્યો લખો.
32. સારા વેચાણકર્તાની કોઈપણ ચાર લાક્ષણિકતાઓ જણાવો.
33. CGSI અને CUTS નું વિસ્તૃતરૂપ લખો.
34. ધંધાકિય પર્યાવરણને અસર કરતાં સાંસ્કૃતિક પરિબળો જણાવો.
35. ખાનગીકરણની કોઈપણ ચાર નકારાત્મક અસરો જણાવો.

## વિભાગ-D

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 36 થી 45 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (દરેકના 3 ગુણ છે.) [30]

36. સંચાલનનું મહત્ત્વ સમજાવો.
37. માર્કેટિંગ (બજારીય) સંચાલનનો અર્થ આપી તેના કાર્યોની ટૂંકમાં સમજૂતી લખો.
38. સંચાલનના સિદ્ધાંતોનું મહત્ત્વ સમજાવો.
39. વ્યવસ્થાતંત્રની લાક્ષણિકતાઓ સમજાવો.
40. સત્તાસોંપણીનું મહત્ત્વ સમજાવો.
41. અંકુશના મહત્ત્વના કોઈપણ છ મુદ્દા સમજાવો.
42. આદર્શ મૂડી માળખાની લાક્ષણિકતાઓ સમજાવો. **અથવા** કાર્યશીલ મૂડીને અસર કરતાં છ પરિબળો સમજાવો.
43. શેરબજારના કાર્યો સમજાવો.
44. બજારીય પ્રક્રિયા અને વેચાણ વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા જણાવો. અથવા બ્રાન્ડિંગની છ લાક્ષણિકતાઓ જણાવો.
45. ધંધાકીય પર્યાવરણનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો. અથવા વૈશ્વિકીકરણની હકારાત્મક અસરો જણાવો.

## વિભાગ-E

★ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 46 થી 49 સુધીના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. (દરેકના 5 ગુણ છે.) [20]

46. આયોજનનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.
47. કર્મચારી વ્યવસ્થાનો ખ્યાલ સ્પષ્ટ કરી તેનું મહત્વ સમજાવો. **અથવા** ભરતીનો અર્થ આપી તેના આંતરિક પ્રાપ્તિસ્થાનો સમજાવો.
48. માસ્લોની જરૂરિયાતોનો અગ્રતાક્રમ સમજાવો.
49. ગ્રાહક સુરક્ષાનો અર્થ આપી તેના અધિકારો સમજાવો. **અથવા** ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબ ગ્રાહકને મળવાપાત્ર રાહતો જણાવો.

★ ★ ★



Visit https://visionpapers.in For More Papers!!

# PAPER-2 March-2018

## (વિભાગ-A)

**1.**(C) **2.**(D) **3.**(A) **4.**(A) **5.**(A), (C), (D) માંથી કોઈપણ લખેલ હોય તો સાચો આપવો. **6.**(B) **7.**(A) **8.**(A) **9.**(C) **10.**(B)

## (વિભાગ-B)

**11.** I.I.M. = Indian Institute of Management અથવા (ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ) ★ નોંધ : ગુજરાતી ઉચ્ચાર તથા અંગ્રેજી બન્ને માન્ય છે. **12.** જ્યારે આપણે તબક્કાવાર આગળ વધીએ ત્યારે જુઓ અને આગળ વધોનો સિદ્ધાંત અપનાવાય છે. **13.** (i) "સમાન ધ્યેય સિદ્ધ કરવા પ્રવૃત્ત થયેલ વ્યક્તિઓ વચ્ચે સત્તા અને જવાબદારીની વહેંચણી કરતું માળખું એટલે વ્યવસ્થાતંત્ર.", (ii) "બે કે તેથી વધુ વ્યક્તિઓના સહકાર દ્વારા થતી પ્રવૃત્તિ એટલે વ્યવસ્થાતંત્ર." — ચેસ્ટર આઈ. બર્નાર્ડ **14.** વર્તમાન સમયમાં મોટા ભાગનાં એકમો કર્મચારી વ્યવસ્થાના વિભાગને માનવસંસાધન વિભાગ તરીકે ઓળખાવે છે. **15.** નિરીક્ષણ, અભિપ્રેરણ, નેતૃત્વ અને માહિતી સંચાર એ દોરવણીનાં તત્વો છે. **16.** શેર હોલ્ડરોને ડિવિડન્ડ માત્ર રોકડ કે ચેકના સ્વરૂપે ચૂકવી શકાય છે. **17.** ભારતમાં શેરબજારોનું નિયમન SEBI (સેબી) તથા જામીનગીરી કરાર (નિયમન) ધારા દ્વારા થાય છે. **18.** ગ્રાહકનાં ઓર્ડર પ્રમાણે જામીનગીરીઓનો ખરીદ વેચાણનો સોદો થાય પછી દલાલ તે અંગેની નોંધ કરે છે તેને કરાર નોંધ કહે છું. **19.** (1) P = Product = પેદાશ (2) P = Price = કિંમત (3) P = Place = વિતરણ (4) P = Promotion = અભિવૃદ્ધિ **20.** કોઈપણ દેશ વિદેશી કંપનીઓને પોતાના દેશમાં ધંધો કરવાની મંજૂરી આપે અને પોતાના દેશની કંપનીઓને વિદેશોમાં ધંધો કરવાની મંજૂરી આપે તો તેને વૈશ્વિકીકરણ કહેવાય.

Visit https://visionpapers.in For More Papers!!!